

નવસર્જન સંસ્કૃતિ

# નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 347
Dt.: 22-10-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa

### સૌરવ દાસ અને આશુતોષ રાંકાને મોટી રાહત

## સૌરવ દાસ અને આશુતોષ રાંકાના કોર્ટે જામીન મંજૂર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાને મોટી રાહત મળી છે. દિલ્હીની એક અદાલતે તેમને મુક્ત કરવાનો આદેશ આપ્યો છે; અગાઉ કોર્ટે આ મામલે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

પોલીસે તેમની ન્યાયિક કસ્ટડી ત્રણ દિવસ માટે લંબાવવાની વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે આ વિનંતી ફગાવી દીધી. આ બંને વ્યક્તિઓને ૧૩ ઓક્ટોબરે પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ ૧૪ ઓક્ટોબરે તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. ત્યારથી સૌરવ અને રાંકા દિલ્હીની તિહાર જેલમાં બંધ હતા.

અગાઉ, આશુતોષ અને સૌરવે તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જોકે, હાઈકોર્ટ તરફથી ઠપકો મળ્યા બાદ તેમણે આ અરજી પાછી ખેંચી લીધી હતી.

બુધવારે દિલ્હી હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન, સૌરવ દાસ અને આશુતોષ રાંકાની ઉંમરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અરજદારોના વકીલે જણાવ્યું હતું કે સૌરવ દાસની ઉંમર ૨૭ વર્ષ છે, જ્યારે આશુતોષ રાંકા ૩૧ વર્ષના છે. આના પર હાઈકોર્ટે

### પોલીસે તેમની ન્યાયિક કસ્ટડી ત્રણ દિવસ માટે લંબાવવાની વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે આ વિનંતી ફગાવી દીધી



ટિપ્પણી કરી, "તો પછી, તેઓ જન ઝેડ (Gen Z) નથી."

ન્યાયાધીશે મિલેનિયલ્સ (Millennials) અને જન ઝેડ (Gen Z) માટેની વય મર્યાદા વિશે પણ પૂછપરછ કરી હતી. બંને વ્યક્તિઓને જામીન મળવા પર અભિજીત દીપકે ભાવુક થઈ ગયો. તેમણે ફિલ્મ અભિનેતા શાહરૂખ ખાનનો એક વીડિયો શેર કર્યો, જેમાં અભિનેતા રડતો જોવા મળે છે.

એક રીતે કહીએ તો, દીપકે પોતાની લાગણીઓ વ્યક્ત કરી રહ્યો હતો. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આપ (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ઠ પર એક પોસ્ટમાં કહ્યું, આશુતોષ અને સૌરવને જામીન મળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. દેશ માટે આ જ રીતે લડતા રહો. સમગ્ર દેશ તમારી સાથે છે.

### કાશ્મીરમાં તહેનાત હતા સૈન્ય અધિકારી

## સૈન્ય અધિકારીની પત્નીએ ચીનને લીક કરી ગુપ્ત માહિતી

**જમ્મુ-કાશ્મીરમાં સેનાના એક અધિકારીની પત્ની સામે વિદેશી ગુપ્તચર એજન્ટો, જેમાં ચીન સાથે સંકળાયેલા લોકો પણ સામેલ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ-કાશ્મીરમાં સેનાના એક અધિકારીની પત્ની સામે ચીન સાથે જોડાયેલા લોકો સહિત વિદેશી ગુપ્તચર એજન્ટોને સંવેદનશીલ માહિતી પૂરી પાડવાનો ગંભીર આરોપસર કેસ નોંધવામાં આવ્યો છે. મહિલા પર સોશિયલ મીડિયાના માધ્યમથી સંવેદનશીલ વિગતો એકઠી કરવાનો અને તેને વિદેશી એજન્ટો સાથે શેર કરવાનો આરોપ છે. આ ઘટનાએ સેનાના સોશિયલ મીડિયા નિયમોમાં રહેલી એક મોટી ખામી તરફ સૌનું ધ્યાન દોર્યું છે. ભારતીય સેનામાં ફરજ બજાવતા અધિકારીઓ અને જવાનો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર અત્યંત સખત પાબંધીઓ લાદવામાં આવેલી છે. સેનાના જવાનોને સોશિયલ મીડિયા પર પોતાની લાઈવ કે કરંટ લોકેશન ટેગ કરવાની મનાઈ છે. આ ઉપરાંત, જો કોઈ અજાણી વ્યક્તિ ઓનલાઈન તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરે, તો તેની જાણ તુરંત જ સંબંધિત ઉચ્ચ અધિકારીઓને કરવી ફરજિયાત છે. ડિસેમ્બર ૨૦૨૫માં નીતિમાં સુધારો કરીને યુનિફોર્મમાં ફોટો પોસ્ટ કરવા અને લોકેશન ટ્રેસ થઈ શકે તેવી સામગ્રી શેર કરવા પર સખત પ્રતિબંધ યથાવત રખાયો છે.કલ્ચરલ ઈવેન્ટ્સ સેનાના આ કડક નિયમો માત્ર સેવારત કર્મચારીઓ માટે જ છે, તેમના પરિવારજનો (પત્નીઓ કે બાળકો) માટે નથી. મીડિયા રિપોર્ટ અનુસાર, આર્મી એક્ટ અધિકારીઓના જીવનસાથીઓ પર લાગુ પડતો નથી, તેથી સેવા નિયમો હેઠળની પાબંધીઓ તેમના પર સીધી રીતે લાદી શકાતી નથી. જોકે, કોઈ નાગરિક ગુનો કરે તો તેમની સામે ઓફિશિયલ સીક્રેટ્સ એક્ટ (અધિકૃત ગોપનીયતા કાયદો) હેઠળ કાર્યવાહી થઈ શકે છે. આ જ કારણસર હવે પરિવારજનો માટે પણ નિયમોના દાયરા અંગે સવાલો ઉઠી રહ્યા છે. છેલ્લા એક દાયકામાં પાકિસ્તાની અને અન્ય વિદેશી ગુપ્તચર એજન્સીઓ દ્વારા મહિલાઓના નામે ફેક આઈડી બનાવીને સેનાના જવાનોને જાળમાં ફસાવવાના (હનીટ્રેપ) અનેક કિસ્સા બન્યા છે. ડિસેમ્બર ૨૦૧૯માં નેવીના ૭ કર્મચારીઓની ફેસબુક દ્વારા ફસાવીને માહિતી લીક કરવા બદલ ધરપકડ કરાઈ હતી. આ ઉપરાંત, વાયુસેનાના અધિકારીઓ પર પણ યુદ્ધાભ્યાસ અને અન્ય માહિતી લીક કરવાના આરોપોસર કાર્યવાહી થઈ ચૂકી છે.

જોકે નિયમો સીધા લાગુ નથી થતા, છતાં સેના દ્વારા આંતરિક કલ્યાણ સંગઠનો અને અધિકારીઓની પત્નીઓના મંડળો દ્વારા જાગૃતિ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. સેનાએ ૨૦૧૯માં પણ પરિવારોને સોશિયલ મીડિયા પરથી યુનિફોર્મવાળા ફોટોઝ અને સેના સંબંધિત વિગતો હટાવવાની સલાહ (એડવાઈઝરી) આપી હતી. આ સિવાય સંરક્ષણ મંત્રાલય અને ત્રણેય સેનાના મુખ્યાલયો તથા ઓપરેશનલ વિસ્તારોમાં સ્માર્ટફોન અને સોશિયલ મીડિયા એપ્સના ઉપયોગ પર પહેલેથી જ સખત પ્રતિબંધ છે.

## લાંબા સમયની વાટાઘાટોનો અંત થઈ શકે, ભારત સાથે ડીલ કરવા અમેરિકા તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ભારત અને અમેરિકા વચ્ચે એક વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહેલી વ્યાપાર ડીલની વાતચીત હવે અંતિમ તબક્કામાં પહોંચતી જોવા મળી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની નજીક છે. તો અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ આશા વ્યક્ત કરી છે કે આ સમજુતિ થોડા સપ્તાહમાં પૂર્ણ થઈ શકે છે.

તેમના જણાવ્યા અનુસાર વાતચીત હવે તકનીકી બારીકિઓ પર કેન્દ્રીત છે અને સમજુતિની દરેક શરતની ભાષા પર બંને પક્ષોની સહમતિ જરૂરી છે. બંને દેશોના અધિકારીઓના તાજેતરોના નિવેદનથી લાંબા સમયથી જારી વ્યાપાર ગતિરોધ દૂર થવાની આશા વધી છે.

બ્લૂમબર્ગના રિપોર્ટ પ્રમાણે મંગળવારે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પને ભારતની સાથે વ્યાપાર સમજુતિની સંભાવનાઓ વિશે પૂછવામાં આવ્યું. તેના પર તેમણે કહ્યું ’તેઓ સમજુતિ કરવા ઈચ્છે છે. અમે સમજુતિ કરીશું, હાં, અમે નજીક છીએ.’

ટ્રમ્પે તે પણ કહ્યુ કે આ સમજુતિ પહેલાની અપેક્ષામાં અલગ પ્રકારની હોઈ શકે છે. પરંતુ તેમણે તેના સ્વરૂપ કે સંભવિત ફેરફારો વિશે વિસ્તારથી જાણકારી ન આપી.

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરએ તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજીત બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં કહ્યું કે સમજુતિના મહત્વના મુદ્દા પર કામ પૂર્ણ થઈ ગયું છે. તેમણે સંકેત આપ્યો કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની ખુબ નજીક છે.ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ વાતચીતમાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની દિશામાં આગળ વધી રહ્યાં છે. આ નિવેદનોથી સંકેત મળે છે કે બંને પક્ષ લાંબા સમયથી અટવાયેલા વ્યાપારિક મુદ્દા પર સહમતિ બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યાં છે.

## હુથી બળવાખોરોનો લશ્કરી તાલીમ શિબિર પર હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હુથી બળવાખોરોનો લશ્કરી તાલીમ શિબિર પર હુમલો, ૬૦ સૈનિકોના મોત. દક્ષિણ યમનમાં લશ્કરી છાવણી પર હુથી વિદ્રોહીઓના મિસાઈલ હુમલામાં મૃત્યુઆંક વધીને ૬૦ થયો છે. મૃતકોમાં મુખ્યત્વે નવા ભરતી થયેલા સૈનિકોનો સમાવેશ થાય છે, જે ત્રણ મહિના પહેલા દેશમાં લડાઈ તીવ્ર બન્યા પછીનો સૌથી ઘાતક હુમલો છે. દક્ષિણ પ્રાંત શાબ્વામાં અલ-આલમ તાલીમ શિબિર પર બેલિસ્ટિક મિસાઈલો હુમલો થયાના એક દિવસ પછી પણ બાર લોકો ગુમ છે.દક્ષિણ યમનમાં લશ્કરી છાવણી પર હુથી વિદ્રોહીઓના મિસાઈલ હુમલામાં મૃત્યુઆંક વધીને ૬૦ થયો છે. મૃતકોમાં મુખ્યત્વે નવા ભરતી થયેલા સૈનિકોનો સમાવેશ થાય છે, જે ત્રણ મહિના પહેલા દેશમાં લડાઈ તીવ્ર બન્યા પછીનો સૌથી ઘાતક હુમલો છે.દક્ષિણ પ્રાંત શાબ્વામાં અલ-આલમ તાલીમ શિબિર પર બેલિસ્ટિક મિસાઈલો હુમલો થયાના એક દિવસ પછી પણ બાર લોકો ગુમ છે. સોમવારનો હુમલો યમનમાં તાજેતરના યુદ્ધમાં વધારો થવાનો એક ભાગ હતો.જુલાઈમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર અને સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધનના દળોએ હુથીના કબજા હેઠળના સના આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર હવાઈ હુમલા શરૂ કર્યા ત્યારે તેની શરૂઆત થઈ. આ હુમલાઓએ ૨૦૨૨ ના યુદ્ધવિરામ કરારને તોડી નાખ્યો જેણે દેશના ગૃહયુદ્ધમાં લડાઈને મોટાભાગે અટકાવી દીધી હતી.હુથીઓએ સાઉદી અરેબિયા પર મિસાઈલો અને ડ્રોન પણ છોડ્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા પૂરા પાડવામાં આવેલા ઘણા ઉત્તમ શસ્ત્રો હોવા છતાં, સાઉદી અરેબિયાને આ હુથી હુમલાઓનો સામનો કરવામાં મુશ્કેલી પડી રહી છે. અલ-આલમ કેમ્પ પર હુમલો ત્યારે થયો જ્યારે નવા ભરતી કરનારાઓ તાલીમ સત્ર માટે લાઈનમાં ઉભા હતા.

## ઉદ્ધવ ઠાકરેનો ફડણવીસને ખુલ્લો પડકાર: હિંમત હોય તો સાબરમતીથી લોરેન્સ બિશ્નોઈને કાઢી બતાવો

**ઠાકરેએ કાયદો-વ્યવસ્થા, ટાઈગર શ્રોફ પર હુમલો અને અર્બન નક્સલવાદના દાવા અંગે પણ સરકારને ઘેરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

શિવસેના (UBT)ના વડા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ દશેરા રેલીમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સહિત ભાજપના નેતાઓ પર આકરા પ્રહાર કર્યા હતા. મુંબઈના દાદર સ્થિત ઐતિહાસિક શિવાજી પાર્કમાં યોજાયેલી રેલીમાં તેમણે લોરેન્સ બિશ્નોઈનો મુદ્દો ઉઠાવી ફડણવીસને પડકાર ફેંક્યો હતો. આ ઉપરાંત મહારાષ્ટ્રની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ, અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા હુમલા અને ‘અર્બન નક્સલવાદ’ના દાવા અંગે પણ રાજ્ય સરકારને ઘેરીને ઝાટકણી કાઢી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે સાબરમતી જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈના સાગરીતો પાસે ૭૦ હજાર શૂટર હોવાનો દાવો કરવામાં આવે છે. તેમણે ફડણવીસને પડકારતાં કહ્યુ હતુ કે જો તેમનામાં ખરેખર હિંમત હોય તો સાબરમતી જઈને દિલ્હીમાં બેઠેલા પોતાના બોસની સામે લોરેન્સ બિશ્નોઈને બહાર કાઢીને બતાવે. ત્યાર પછી જ મોટી-મોટી વાતો કરવી જોઈએ. ઠાકરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે સત્તાધારી પક્ષે દેશની અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડ્યું છે અને તેને ટૂંક સમયમાં રાજકીય પરિણામો ભોગવવા પડશે. અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા તાજેતરના હુમલાનો ઉલ્લેખ કરતાં ઠાકરેએ મુખ્યમંત્રી ફડણવીસને ટોણો માર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે હુમલા બાદ મુખ્યમંત્રી તરત જ અભિનેતાને મળવા પહોંચી ગયા હતા. જોકે, પોલીસ આરોપીઓને પકડી લે એટલાથી સરકારની કામગીરીની પ્રશંસા કરી શકાય નહીં.

ઠાકરેએ સવાલ ઉઠાવ્યો હતો કે જો ગોળી જીવલેણ સાબિત થઈ હોત અને ત્યાર બાદ આરોપીઓ પકડાયા હોત તો તેનો શું ફાયદો? નિયમિત સુરક્ષા તપાસ છતાં હુમલાખોરો અંદર કેવી રીતે પ્રવેશ્યા, તે અંગે પણ તેમણે સવાલો કર્યા હતા. તેમના મતે, સરકારનું ધ્યાન જનતાની સુરક્ષા કરતાં પોતાની છબી ચમકાવવા પર વધુ છે. રાજ્ય સરકારે હાઈકોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં મહારાષ્ટ્રને ‘અર્બન નક્સલીઓ’નો ગઢ ગણાવાયો હોવાના દાવા અંગે ઠાકરેએ સવાલ કર્યો હતો કે રાજ્યનાં શહેરોમાં અર્બન નક્સલવાદ ક્યાં છે? તેમણે દાવો કર્યો હતો કે ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાંથી ગુનેગારો મહારાષ્ટ્રમાં આવી રહ્યા છે. વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેનારા યુવાનોને નક્સલી ગણાવવાના વલણની પણ તેમણે ટીકા કરી હતી. ઠાકરેએ કહ્યું હતું કે રસ્તાઓ અને જંતર-મંતર પર વિરોધ કરી રહેલા યુવાનો નક્સલી નહીં, પરંતુ ક્રાંતિકારી છે. તેમણે અભિજિત દિપકે અને અન્ય યુવા પ્રદર્શનકારીઓ સાથેની મુલાકાતનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે આ વિરોધ ૧૨ વર્ષથી એકઠા થયેલા ગુસ્સાનું પરિણામ છે.

## ભગવંત માનને ૩ કલાક સુધી એરપોર્ટ પર રોક્યાઃ ૫૦ હજારનો લગાવ્યો દંડ

**મુખ્યમંત્રી પંજાબના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પેરિસ ગયા હતા : તેમને એરપોર્ટ પર રોકી લેવામાં આવતા રોષ**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પેરિસથી પરત ફરી રહ્યા હતા ત્યારે મોડી રાત્રે તેમને દિલ્હી એરપોર્ટ પર રોકી રાખવામાં આવ્યા હોવાનો દાવો આમ આદમી પાર્ટીએ કર્યો છે. AAPના મીડિયા ઈન્ચાર્જ બલતેજ પન્નૂએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભગવંત માન પંજાબના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે પેરિસ ગયા હતા. જોકે, ત્યાંથી પરત ફર્યા બાદ તેમને એરપોર્ટ પર રોકી લેવામાં આવ્યા હતા. આ અંગે માહિતી આપતાં બલતેજ પન્નૂએ કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, "વડાપ્રધાન પંજાબીઓનું અપમાન કરવાની એક પણ તક છોડતા નથી. દિલ્હી એરપોર્ટ પર મુખ્યમંત્રી ભગવંત માનને રાત્રે ત્રણ કલાક સુધી રોકી રાખવામાં આવ્યા હતા. તેની પાછળનું કારણ એ હતું કે, વડાપ્રધાનની મનાઈ હોવા છતાં તેઓ કોર્ટના આદેશથી પેરિસ કેમ ગયા? એટલું જ નહીં, તેમના પર ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો."

પંજાબ AAPના જનરલ સેક્રેટરી અને મીડિયા ઈન્ચાર્જ બલતેજ પન્નૂએ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, "સૌપ્રથમ મુખ્યમંત્રી ભગવંત માનની વિદેશ યાત્રામાં અવરોધો ઊભા કરવામાં આવ્યા. ત્યારબાદ તેઓ પંજાબ પરત ફર્યા ત્યારે પણ કોઈ નક્કર કારણ વગર તેમને હેરાન કરવામાં આવ્યા. એટલું જ નહીં, ભારતીય દૂતાવાસના અધિકારીઓને પણ સૂચના આપવામાં આવી હતી કે મુખ્યમંત્રી માનને તેમના પદને અનુરૂપ સન્માન અને પ્રોટોકોલ આપવામાં ન આવે."

તેમણે વધુમાં કહ્યું કે, "મુખ્યમંત્રી ભગવંત માન પરત ફર્યા ત્યારે તેમને ત્રણ કલાક સુધી હેરાન કરવામાં આવ્યા અને ત્યારબાદ તેમના પર ૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો. આ કાર્યવાહી પાછળ ’દબાણ’નું કારણ દર્શાવીને તેને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ બધું માત્ર એટલા માટે કરવામાં આવ્યું કે ભગવંત માન પંજાબના મુખ્યમંત્રી છે."

બલતેજ પન્નૂએ કેન્દ્ર સરકાર પર વધુ આક્ષેપ કરતાં કહ્યું કે, "સરહદ પર ખેડૂતોને દોઢ વર્ષ સુધી બેસાડી રાખવામાં આવ્યા. પંજાબના અનેક ફંડ પણ રોકી દેવામાં આવ્યા. ત્યારબાદ પંજાબના મુખ્યમંત્રીને એક વખત નહીં, પરંતુ ચાર-ચાર વખત વિદેશ જવાની મંજૂરી આપવામાં આવી નહોતી." તેમણે આરોપ લગાવ્યો કે, કેન્દ્ર સરકાર ઈચ્છતી નથી કે પંજાબના મુખ્યમંત્રી રાજ્યના હિત માટે વિદેશમાંથી ભંડોળ મેળવી શકે. AAPના નેતા બલતેજ પન્નૂએ જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રી ભગવંત માન હાઈકોર્ટના નિર્દેશ બાદ વિદેશ ગયા હતા. હાઈકોર્ટે પણ કહ્યું હતું કે, પ્રોટોકોલ મુજબ તેઓ વિદેશ જઈ શકે છે. તેમ છતાં પેરિસમાં ભારતીય દૂતાવાસના અધિકારીઓ મુખ્યમંત્રી માનને મળવા પણ આવ્યા નહોતા." તેમણે વધુમાં જણાવ્યું કે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન વિશ્વના બીજા સૌથી મોટા ફૂડ ફેસ્ટિવલમાં પંજાબના ઉત્પાદનોને રજૂ કરવા માટે પેરિસ ગયા હતા. આ મુલાકાતનો મુખ્ય હેતુ પંજાબના રાજમા અને છોલે સહિતના ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારમાં ઓળખ અપાવવાનો હતો. આમ આદમી પાર્ટીએ સમગ્ર ઘટનાને લઈને કેન્દ્ર સરકાર સામે નારાજગી વ્યક્ત કરી છે અને મુખ્યમંત્રી ભગવંત માન સાથે કરવામાં આવેલા કથિત વર્તનને પંજાબીઓનું અપમાન ગણાવ્યું છે.



# તંત્રી લેખ......

## દિવાળીના તહેવાર પહેલા જ દિલ્હીમાં હવા ઝેરી બની

દિવાળીના તહેવાર પહેલા જ દેશની રાજધાની દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક રીતે વધી ગયું છે. દિલ્હીમાં હવાની ગુણવત્તા ખરાબ કેટેગરીમાં પહોંચી જતાં વહીવટીતંત્ર દ્વારા ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન એટલે કે **GRAP-1**ના નિયંત્રણો તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યા છે. જ્યારે એર ક્વોલિટી ઈન્ડેક્સ **(AQI)** ૨૦૧થી ૩૦૦ની વચ્ચે પહોંચે ત્યારે આ નિયંત્રણો અમલમાં મૂકવામાં આવે છે. બુધવારે સવારે ૯ વાગ્યે દિલ્હીનો **AQI** ૨૩૩ નોંધાયો હતો, જેના કારણે વાતાવરણ ધૂંધળું બનવાની સાથે લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રદૂષણ પર નિયંત્રણ મેળવવા માટે હોટેલો અને રેસ્ટોરન્ટ્સમાં કોલસાના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત ડીઝલ જનરેટર ચલાવવા પર પણ રોક લગાવી દેવામાં આવી છે, માત્ર ઈમરજન્સી સેવાઓમાં જ તેના ઉપયોગની છૂટ મળશે.

ધૂળની માત્રા ઘટાડવા માટે રસ્તાઓની નિયમિત સફાઈ અને પાણીનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે. શહેરમાં ચાલી રહેલા બાંધકામ સ્થળો પર ધૂળ ન ઊડે તે માટે ખાસ મોનિટરિંગ વધારી દેવાયું છે તેમજ કચરાના યોગ્ય નિકાલ માટે કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

હવામાન વિભાગ **(IMD)** અનુસાર, દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ ઋતુના સરેરાશ તાપમાન કરતાં ઓછું છે. સફદરજંગમાં લઘુત્તમ પારો ૧૮ ડિગ્રી સેલ્સિયસ રહ્યો હતો, જ્યારે પાલમ વિસ્તારમાં તાપમાન ૧૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સામાન્ય કરતાં ૧.૧ ડિગ્રી ઓછું છે. લોધી રોડ પર ૧૭.૭ ડિગ્રી, રિજ વિસ્તારમાં ૧૯.૧ ડિગ્રી અને આયાનગરમાં ૧૭.૭ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાતા વહેલી સવારે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ **(CPCB)** ના માપદંડ મુજબ, ૦ થી ૫૦ વચ્ચેનો **AQI** સારો ગણવામાં આવે છે. ૫૧ થી ૧૦૦ વચ્ચે હોય તો સંતોષકારક, ૧૦૧ થી ૨૦૦ સુધી મધ્યમ અને ૨૦૧ થી ૩૦૦ વચ્ચેનો સ્કોર ખરાબ શ્રેણીમાં મુકાય છે. જો ઈન્ડેક્સ ૩૦૧ થી ૪૦૦ પર પહોંચે તો ખૂબ ખરાબ અને ૪૦૧ થી ૫૦૦ વચ્ચે પહોંચે ત્યારે સ્થિતિ ગંભીર માનવામાં આવે છે. હાલ દિલ્હીમાં આંકડો ૨૩૩ પર પહોંચી ગયો હોવાથી તે સ્વાસ્થ્ય માટે હાનિકારક ગણાય છે.

શહીદ પોલીસકર્મીઓ અને સુરક્ષાબળોનું બલિદાન એ રાષ્ટ્રની અખંડિતતા અને સુરક્ષાનો પાયોઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે વીર શહીદ પોલીસકર્મીઓને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

### RRU ખાતે 'શહીદ સ્મારક દીવાલ', ગુજરાત પોલીસ શહીદોના 'ડિજિટલ ડેશબોર્ડ', ફાયરિંગ સિમ્યુલેટર લેબનું રાજ્યપાલશ્રીના હસ્તે ઉદ્ઘાટન




રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રની એકતા, અખંડિતતા, શાંતિ અને નાગરિકોની સુરક્ષા માટે પોતાના પ્રાણોનું સર્વોચ્ચ બલિદાન આપનાર અમર શહીદ પોલીસ જવાનોની સ્મૃતિમાં પોલીસ સ્મૃતિ દિવસની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના પરિવારજનોના સમર્પણને નમન કર્યા હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, દેશમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા પોતાના જીવનની પરવા કર્યા વિના બલિદાન આપનારા શહીદો પ્રત્યે સમગ્ર રાષ્ટ્ર સદાય ઋણી રહેશે. જે માતા-પિતાએ પોતાના લાડકવાયા સંતાનોને રાષ્ટ્રસેવામાં સમર્પિત કર્યા અને ફરજ પ્રત્યે નિષ્ઠાના સંસ્કારો આપ્યા, તેવા પરિવારજનો પ્રત્યે રાજ્યપાલશ્રીએ હૃદયપૂર્વકની સંવેદના અને આદરભાવ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે યુનિવર્સિટી કેમ્પસ ખાતે શહીદોની સ્મૃતિને જીવંત રાખવા અને આવનારી પેઢીઓને દેશભક્તિની પ્રેરણા મળી રહે તે માટે શહીદ સ્મારક દીવાલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે જ ગુજરાત પોલીસના વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવા માટે એક વિશેષ ડિજિટલ ડેશબોર્ડનું તેમજ ફાયરિંગ સિમ્યુલેટર લેબનું પણ લોન્ચિંગ કરાયું હતું. રાજ્યપાલશ્રીએ દિલ્હી સ્થિત રાષ્ટ્રીય પોલીસ સ્મારકનો ઉલ્લેખ કરતા ઉમેર્યું હતું કે, દેશભરના યુવાનો માટે આવા સ્મારકો રાષ્ટ્રપ્રેમ અને સમર્પણની પ્રેરણાના કેન્દ્રો બને છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતુ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તેમના ગુજરાતના મુખ્યમંત્રીપદના કાર્યકાળ દરમિયાન દેશમાં સર્વપ્રથમ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી જેવી અનોખી સંસ્થાઓ સ્થાપવાની પહેલ કરી હતી. આ તમામ સંસ્થાઓ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાના મિશનમાં પાયાની મજબૂત ઈંટો સાબિત થશે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, આજે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દેશના વિવિધ પ્રદેશોમાંથી આવતા પોલીસ અને પેરામિલિટ્રી ફોર્સના જવાનોને આધુનિક સુરક્ષા, સાયબર ક્રાઈમ અને સમયની જરૂરિયાત મુજબનું ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ આપી રહી છે. ભારતની સનાતન સંસ્કૃતિ અને વૈદિક વિચારો વિશે તેમણે જણાવ્યું હતું કે, ભારત અહિંસા, શાંતિ, સહિષ્ણુતા અને ભાઈચારામાં માનતો દેશ છે. પરંતુ શાંતિ અને સત્યના રક્ષણ માટે બળવાન અને સક્ષમ હોવું પણ એટલું જ જરૂરી છે. કાયરતા અને નબળાઈથી શાંતિ જળવાતી નથી; દુષ્ટ તત્વો સામે આત્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા માટે મજબૂત થવું એ જ વીરતાનું સાચુ આભૂષણ છે. તેમણે યુવા પેઢી અને તાલીમાર્થીઓને 'માતા ભૂમિઃ પુત્રો અહં પૃથિવ્યાઃ' ના ભાવ સાથે માતૃભૂમિની સેવા માટે તત્પર રહેવા આહ્વાન કર્યું હતું. રાજ્યપાલશ્રીના હસ્તે ફિઝિકલ એડવેન્ચર વોલનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, તેમજ જેલ સહાયક તરીકે પરીક્ષા ઉત્તીર્ણ થયેલા જવાનોને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિ શ્રી વિમલ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં શહીદ પોલીસ જવાનોને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે દેશની આંતરિક સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસ દળો અને સુરક્ષા સંસ્થાઓના અતૂટ યોગદાનને બિરદાવતા 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યને ધ્યાનમાં રાખીને સંસ્થાઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ પુરાવાઓથી સજ્જ થવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પ્રો-વાઈસ ચાન્સલર પ્રો. કલ્પેશ વાંડરા, ડીન ડૉ. જસબીર કૌર ઠડાની, રજીસ્ટ્રાર શ્રી ધર્મેશ પ્રજાપતિ, યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, સિનિયર અધિકારીઓ, તાલીમાર્થીઓ, પોલીસ અને સુરક્ષા દળોના પ્રતિનિધિઓ તેમજ શહીદોના પરિવારજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. - દિવ્યા-નેહા

# ચા જગમાં મૂકી રાખેલો મોબાઈલ મધરાત્રે ફાટતાં ઘરમાં આગઃ લખપતમાં ખેડાના શિક્ષકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

પશ્ચિમ કચ્છના સરહદી વિસ્તારમાં છેવાડાના લખપત તાલુકાના પીપર ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ખેડા જિલ્લાના વતની ૩૫ વર્ષીય યુવાનનું ચા જગમાં મૂકેલા મોબાઈલ બ્લાસ્ટ થતાં આગ લાગવાથી શરીરે દાઝી ગયા હતા. જેમનું સારવાર દરમિયાન મંગળવારે સવારે મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનાને પગલે મૃતકના પરિવાર આક્રંદ છવાઈ ગયો હતો. નારાણણ પોલીસે બનાવની નોંધ લઈ વધુ તપાસ હાથ ધરી છે.મૂળ ખેડા જિલ્લાના રાહુલભાઈ શરદભાઈ વાઘેલા (ઉ.વ.૩૫) છેલ્લા એક વર્ષથી પીપર ગામની શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. તેઓનો એક વર્ષ પૂર્વે લગ્ન થયા હોઈ પરિવાર સાથે-સાથે લખપત તાલુકાના પીપર ગામ પાસેના ત્રાંગાવાઢ ખાતે શાળાના શિક્ષકો માટે ફાળવવામાં આવેલા ઓરડામાં રહેતા હતા. સોમવારે ત્રાંગાવાઢ ખાતે શાળાએ આપેલા રૂમમાં તેઓ પોતાના માતા-પિતા અને પત્ની સાથે ઓરડામાં સૂતા હતા.આ દરમિયાન મધરાત્રિના સાડા ત્રણ વાગ્યાના અરસામાં ચાર્જિંગમાં મૂકેલા મોબાઈલમાં બ્લાસ્ટ થતાં આગની ઘટના બની હતી. આ દુર્ઘટનામાં રાહુલભાઈ ગંભીર રીતે દાઝી જતાં રાડા રાડ કરી મુકી હતી. જેથી પરિવારજનો અને આસપાસથી લોકો દોડી આવ્યા હતા. રાહુલભાઈને તાત્કાલિક સારવાર માટે ભુજની કે.કે. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મંગળવારે સવારે મોત નીપજતાં પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી.

# ગાંધીધામ રેલવે હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૬નું ચોથું સફળ ઢીંચણ પ્રત્યારોપણ (ની રિપ્લેસમેન્ટ) ઑપરેશન



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ ગાંધીધામ સબ-ડિવિઝન રેલવે હોસ્પિટલમાં ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ૬૬ વર્ષના પુરૂષ રેલવે લાભાર્થીનું ઢીંચણ પ્રત્યારોપણ ઑપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું. દર્દી ઢીચણમાં સખત દુખાવો અને ચાલવા-ફરવામાં તકલીફથી પીડિત હતા. તેમનું ઑપરેશન હાડકાં રોગ નિષ્ણાંત ડૉ. પાર્થ રાઠી અને એનેસ્થેટિસ્ટ ડૉ. હિતેશ શાહ દ્વારા હોસ્પિટલના ઑપરેશન થિયેટરમાં કરવામાં આવ્યું. આ ઑપરેશનમાં ઢીંચણના ખરાબ સાંધાને કૃત્રિમ સાંધાથી બદલવામાં આવે છે, જેનાથી દર્દીને ચાલવા-ફરવામાં રાહત મળે છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૬ માં ગાંધીધામ રેલવે હોસ્પિટલમાં અત્યાર સુધી ઢીંચણ પ્રત્યારોપણના ચાર સફળ ઑપરેશન કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ મારફતે રેલવે લાભાર્થીઓને સ્થાનિક સ્તરે જ ઉત્તમ મેડિકલ સુવિધાઓ મળી રહી છે. આનાથી ઉપચાર માટે દૂરની હોસ્પિટલોમાં જવાની જરૂરીયાત ઓછી થાય છે અને દર્દીઓ અને તેમના પરિવારજનોને થનારી હાલાકીથી પણ રાહત મળે છે.

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ રેલવે લાભાર્થીઓને ઉત્તમ અને સુલભ મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાતે ઈન્ડીયન નેવીના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફ વાઈસ એડમીરલ શ્રી સંજય વાત્સયન




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાતે ભારતીય નૈકા દળના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન-ચીફ વાઈસ એડમીરલ શ્રી સંજય વાત્સયને ગાંધીનગરમાં લીધી હતી.

વાઈસ એડમીરલ શ્રી સંજય વાત્સયને મે-૨૦૨૬થી ભારતીય નૌકા દળના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ૩૫માં ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.

મુખ્યમંત્રીશ્રી સાથેની આ સૌજન્ય મૂલાકાતમાં તેમણે ગુજરાતના વ્યુહાત્મક સમુદ્ર કિનારાની સુરક્ષા અંગે ભારતીય નૌ સેનાની વિવિધ ગતિવિધિઓની જાણકારી આપી હતી.

શ્રી સંજય વાત્સયન ૧૯૮૮થી ભારતીય નૌકા દળમાં સેવારત થયા છે અને તેમના સેવાકાળ દરમિયાન તેમણે અનેક અગ્રણી યુદ્ધ જહાજો પર સેવાઓ આપેલી છે.

વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફનો પદભાર સંભાળતા પૂર્વે તેઓ નેવલ હેડ ક્વાર્ટર્સ ખાતે વાઈસ ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ તરીકે ફરજો બજાવતા હતા.

ઉલ્લેખનીય છે કે, વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફના નેતૃત્વ હેઠળ સમગ્ર અરબી સમુદ્ર, પશ્ચિમ હિન્દ મહાસાગર, હોર્મુઝ સ્ટ્રેટ, બાબ-અલ-મંડેલ સ્ટ્રેટ અને સુએઝ કેનાલ તથા મોઝામ્બિક ચેનલ અને કેપ ઓફ ગુડ હોપ જેવા મહત્વપૂર્ણ ચેક પોઈન્ટ્સ આવરી લેવાયા છે.

એટલુ જ નહિ, દેશના મહત્વપૂર્ણ પશ્ચિમી દરિયા કાંઠાનું રક્ષણ, વેપાર અને ઊર્જા માર્ગો સુરક્ષિત કરવા તથા ભારતની દરિયાઈ સરહદોનું રક્ષણ કરવામાં પણ વેસ્ટર્ન નેવલ કમાન્ડની પ્રાથમિક ભૂમિકા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિઅર કમાન્ડીંગ ઈન ચીફ વાઈસ એડમીરલ શ્રી સંજય વાત્સયને આ મૂલાકાત દરમિયાન સ્મૃતિ ચિહ્ન પણ અર્પણ કર્યુ હતું.

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૨૧/૧૦/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૬૭૮૧ | ૧,૬૪૦.00 | ૨,૦૦૨.00 |
| ૨ | એરંડા | ૦ | ૧,૭૨૫.00 | ૧,૭૩૦.00 |
| ૩ | ઘઉં | ૩૫૫ | ૫૪૩.00 | ૬૩૨.00 |
| ૪ | બાજરી | ૦ | ૪૫૦.00 | ૪૯૦.00 |
| ૫ | મકાઇ | ૩૭ | ૫૨૦.00 | ૫૩૩.00 |
| ૬ | અડદ | ૮૫ | ૧,૬૦૦.00 | ૧,૭૦૬.00 |
| ૭ | કપાસ | ૧૪૬ | ૧,૮૩૫.00 | ૧,૮૬૮.00 |
| ૮ | સોયાબીન | ૫૨૦ | ૧,૩૨૦.00 | ૧,૪૦૨.00 |

મુનિમજી સોફ્ટવેર

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

# નવરાત્રી-દશેરાના તહેવારોમાં કાનૂની માપવિજ્ઞાન તંત્રની રાજ્યવ્યાપી ઝુંબેશઃ ૪૫૫ એકમોની તપાસ, ૨૫૧ સામે ગુના નોંધી રૂ.૫.૪૨ લાખની માંડવાળ ફી વસૂલાઈ

ગાંધીનગરઃ

ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી શ્રી રમણભાઈ સોલંકીની સીધી સૂચનાથી કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા નવરાત્રી તથા દશેરાના તહેવારો દરમિયાન ગ્રાહકોને મીઠાઈ, ફરસાણ અને અન્ય ચીજવસ્તુઓની ખરીદીમાં વજન અંગે છેતરપિંડીનો ભોગ બનવું ન પડે અને ગ્રાહકોને યોગ્ય વજન મળી રહે તે હેતુથી તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાં ગત તા.૧૬ અને તા.૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિશેષ રાજ્યવ્યાપી તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.




આ ઝુંબેશમાં સમગ્ર રાજ્યમાં ૪૫૫ જેટલી મીઠાઈ/ફરસાણ/ડ્રાયફ્રુટની દુકાનો વગેરે પર સામૂહિક ઝુંબેશ રૂપે તપાસણી કરી ગેરરીતી બદલ કુલ ૨૫૧ એકમો સામે ગુન્હાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી કરીને માંડવાળ ફી તરીકે અંદાજે રૂ.૫,૪૨,૦૦૦/- વસૂલ કરવામાં આવી છે.

આ ઝુંબેશ દરમિયાન કાનૂની માપવિજ્ઞાન તંત્રના મદદનીશ નિયંત્રક તેમજ ઈન્સપેક્ટરો દ્વારા રાજ્યની મીઠાઈ/ફરસાણ/ડ્રાયફ્રુટની દુકાનો પર તંત્રના કાયદા અને નિયમોની જોગવાઈઓનો ભંગ કરતા એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

નવરાત્રી-દશેરાના તહેવાર દરમિયાન ગ્રાહકો મીઠાઈ/ફરસાણ/ડ્રાયફ્રુટસ તેમજ અન્ય ગિફ્ટસની ખરીદી કરતા હોય છે. જેમાં ઘણી વખત તેમને મીઠાઈ/ફરસાણ/ડ્રાયફ્રુટસની ખરીદીના વજનમાં પણ છેતરવામાં આવતા હોય છે. આવા બનાવો ન બને અને ગ્રાહકો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય અને છેતરાતા અટકે તેવા ગ્રાહક સુરક્ષાના હેતુથી કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યની મીઠાઈ/ફરસાણ/ડ્રાયફ્રુટસ/ગિફ્ટ શોપ વગેરે પર તંત્રના કાયદા/નિયમોની જોગવાઈઓનું પાલન થાય તે માટે આ રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ તપાસણી દરમિયાન વજનમાં ઓછું આપીને ગ્રાહકોને છેતરવા, વજન કાંટાનું ફેરચકાસણી/મુદ્રાકન ન કરાવવું, ખરાઈ પ્રમાણપત્ર પ્રદર્શીત ન કરવું, પેકર રજીસ્ટ્રેશન ન કરવું વગેરે ગેરરીતિઓ સામે આવી છે. કાનૂની માપવિજ્ઞાન તંત્રએ આ રાજ્યવ્યાપી ઝુંબેશ દ્વારા તહેવારોના સમયગાળામાં ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા, વજનમાપમાં પારદર્શિતા જાળવવા તથા વેપારીઓ દ્વારા કાનૂની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા વિભાગે સઘન પ્રયાસો કર્યા હતા.કોઈ પણ વસ્તુના વજનમાં ઓછું આપવા તથા **MRP**થી વધુ ભાવ લેવા બાબતે ગ્રાહકો પોતાની ફરિયાદ માટે ગુજરાત રાજ્યની ટોલ-ફ્રી હેલ્પલાઈન ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત, ગ્રાહક ફરિયાદ અને માર્ગદર્શન માટે રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન ૧૯૧૫ **(NCH)** નો પણ સંપર્ક કરી શકાય છે તેમ, કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા જણાવાયું છે.

- જનક દેસાઈ

# પશ્ચિમ રેલવે અમદાવાદ અને ખડગપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવશે

પશ્ચિમ રેલવે દ્વારા તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ખડગપુર વચ્ચે વિશેષ ભાડા પર એક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નં. ૦૨૮૩૩/૦૨૮૩૪ અમદાવાદ-ખડગપુર સ્પેશિયલ (કુલ બે ટ્રિપ)

ટ્રેન નંબર ૦૨૮૩૩ અમદાવાદ - ખડગપુર સ્પેશિયલ ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ અમદાવાદથી સવારે ૯:૪૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૭:૧૦ વાગ્યે ખડગપુર પહોંચશે.

તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૨૮૩૪ ખડગપુર - અમદાવાદ સ્પેશિયલ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ (બુધવાર) ના રોજ ખડગપુરથી ૦૫:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૩:૫૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગ માં બંને દિશાઓમાં આ ટ્રેન વડોદરા, ભરૂચ, સુરત, નંદુરબાર, ભુસાવલ, અકોલા, બડનેરા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ચંપા, રાયગઢ, ઝારસુગુડા, રાઉરકેલા અને ટાટાનગર સ્ટેશન પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૨૮૩૩ માટે બુકિંગ ૨૨.૧૦.૨૦૨૬ થી સવારે ૦૮:૦૦ વાગ્યે બધા પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને **IRCTC** વેબસાઈટ પર શરુ થશે. ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ અને કોચની રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વરસોડામાં ગરબાની તકરાર લોહીયાળ બનીઃ અરવિંદસિંહ ચાવડા પર ૩ રાઉન્ડ ફાયરીંગ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલા વરસોડા ગામમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી હોય તેવી એક ગંભીર અને ચોંકાવનારી ઘટના બહાર આવી છે. ગામમાં રહેતા અરવિંદસિંહ ચાવડા નામના ખેડુત પર જુની તકરારની અદાવત રાખીને કેટલાક માથાભારે તત્વો દ્વારા અચાનક ફાયરીંગ કરવામાં આવ્યુ હતું. આ બનાવના કારણે શાંત ગણાતા વરસોડા ગામ સહિત માણસા પંથકમાં ભારે સન્નાટો અને દહેશતનો માહોલ વ્યાપી ઉઠયો છે.

મળતી માહિતી મુજબ અગાઉ નવરાત્રી દરમિયાન ગરબામાં સાઉન્ડ સિસ્ટમ વગાડવા મુદ્દે અરવિંદસિંહ ચાવડાને સ્થાનિક કેટલાક લોકો સાથે બોલાચાલી અને જુની અદાવત ચાલી રહી હતી. આ જ વિવાદનુ વેર રાખીને ૮ જેટલા શખ્સો ઘાતક હથિયારો સાથે એક સંપ થઈને ખેડુત પર તુટી પડયા હતા. હુમલાખોરોએ અરવિંદસિંહ ને લક્ષ્ય બનાવીને તાબડતોબ ૩ રાઉન્ડ ફાયરીંગ કર્યુ હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે.

આ દરમિયાન ત્રીજી ગોળી ખેડુતના જમણા પગના ભાગે વાગી જતા તેઓ લોહિલુહાણ થઈને ઢળી પડયા હતા. ઘટના બની તુરંત જ આજુબાજુના લોકો એકઠા થઈ જતા હુમલાખોરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા ખેડુત અરવિંદસિંહ ચાવડાને તાત્કાલીક અસરથી વધુ અને સઘન સારવાર અર્થે અમદાવાદની સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં હાલ તેમની તબીબી સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે મળેલી માહિતી ના આધારે માણસા સ્થાનિક પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હુમલો કરનાર ૮ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓ નજીક આવતા જ સરકારને પેન્ડિગ કામો યાદ આવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



તાલુકા સ્તરે વિવિધ યોજનાઓ સમયસર પૂર્ણ થાય અને કામગીરીમાં પારદર્શિતા જળવાય તે માટે રાજય સરકારે વાર્ષિક ટાઈમ ટેબલ જાહેર કર્યુ છે. અનેક કિસ્સાઓમાં વિકાસ કામો પૂર્ણ થવામાં નિર્ધારીત સમય કરતા વધુ વિલંબ થતો હોવાનુ ધ્યાનમાં આવતા આ નિર્ણય લેવાયો છે. સામાન્ય વહિવટ વિભાગે ગુજરાત વહિવટી સુધારાપંચના અહેવાલમાં કરાયેલી ભલામણોના આધારે આ સમયપત્રક તૈયાર કર્યુ છે. તેમાં જિલ્લા આયોજન કાર્યક્રમ, ધારાસભ્ય ગ્રાન્ટના કામો અને આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો યોજના હેઠળના કામોનો સમાવેશ થાય છે. જુલાઈમાં ગેપ એનાલીસીસ કર્યા બાદ વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાનો રહેશે. આ યોજના ગ્રામસભામાં મંજુર કરાવવી ફરજીયાત રહેશે. તો બીજી તરફ નવેમ્બર થી ફેબ્રુઆરી મહિનામાં કામોની મંજુરી, નવેમ્બરમાં એકીકૃત તાલુકા આયોજન સમિતિએ કામોને મંજુરી આપવાની રહેશે, ત્યારબાદ ડીસેમ્બરમાં જિલ્લા આયોજન મંડળ દ્વારા મંજુરીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ફેબ્રુઆરીમાં કામોને પ્રાથમિક મંજુરી આપવાની રહેશે. જયારે માર્ચ અને એપ્રિલ માં અંદાજ અને વહિવટી મંજુરી અપાશે. માર્ચ મહિનામાં કામોના ટેકનીકલ અંદાજો રજુ કરવાના રહેશે. જયારે એપ્રિલમાં વહિવટી મંજુરી આપવાની પ્રક્રિયા હાથ ધરાશે. જે કામો માટે ટેન્ડર જરૂરી હોય તેની પ્રક્રિયા જુન મહિનાના અંત સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ટેન્ડર વગરના કામોમાં વહિવટી મંજુરી મળ્યા ના ૧૫ દિવસની અંદર વર્કઓર્ડર આપવાની સુચના અપાઈ છે.

સરકારે તમામ નિયત વિકાસ કામો આગામી માર્ચ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવા સ્પષ્ટ તાકીદ કરી છે, મહિનાવાર સમયમર્યાદા નકકી કરીને કામોની પ્રગતિનુ ટ્રેકીંગ અને મુલ્યાંકન કરવામાં આવશે.

# અમદાવાદમાં પોલીસ શહીદ સ્મૃતિ દિવસની ઉજવણીઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ શહીદ જવાનોને પાઠવી શ્રધ્ધાંજલી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

દેશની આંતરીક સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ નાગરીકોની સુરક્ષા માટે પોતાનુ જીવન સમર્પિત કરનારા પોલીસ જવાનોના શૌર્ય અને બલીદાનને યાદ કરવા દેશભરમાં પોલીસ શહીદ સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ અવસરે અમદાવાદના શાહીબાગ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ફરજ બજાવતી વખતે શહીદ થયેલા પોલીસ જવાનોને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. અમદાવાદના શાહીબાગ ખાતે યોજાયેલા પોલીસ શહીદ સ્મૃતિ દિવસના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શહીદ પોલીસ જવાનોના બલિદાનને યાદ કરીને તેમને શ્રધ્ધાંજલી પાઠવી હતી. પોલીસ વિભાગના વરીષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ફરજ દરમિયાન જીવ ગુમાવનારા જવાનોને સન્માનપૂર્વક યાદ કરવામાં આવ્યા હતા.



આ પ્રસંગે રાજયના પોલીસ વિભાગ દ્વારા શહીદ જવાનો પ્રત્યે આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) અને પોલીસ કમિશ્નર (સીપી) સહિતના વરીષ્ઠ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓની હાજરીમાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલી અર્પણ કરીને તેમની ફરજપરસ્તી, હિંમત અને સમર્પણને યાદ કરવામાં આવ્યુ હતું. પોલીસ શહીદ સ્મૃતિ દિવસ માત્ર એક ઔપચારીક કાર્યક્રમ ન હતો, પરંતુ દેશ અને સમાજની સુરક્ષા માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા જવાનોના યોગદાનને યાદ કરવાનો મહત્વપૂર્ણ અવસર છે.

પોલીસ શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે દેશની સુરક્ષા માટે ફરજ બજાવતી વખતે શહીદ થયેલા પોલીસકર્મીઓના બલિદાનને યાદ કરવામાં આવે છે. કાયદો અને વ્યવસ્થા જાળવવી, ગુન્હાઓ પર નિયંત્રણ મેળવવુ, કટોકટીની પરિસ્થિતિમાં નાગરીકોની મદદ કરવી, અને સમાજમાં શાંતિ જાળવવી જેવી જવાબદારીઓ પોલીસ વિભાગ નિભાવે છે. આ ફરજ દરમિયાન અનેક જવાનો જોખમોનો સામનો કરે છે અને કેટલાક લોકો પોતાના જીવનનુ બલિદાન પણ આપે છે. અમદાવાદના શાહિબાગ ખાતે યોજાયેલો આ કાર્યક્રમ શહીદ જવાનોના શૌર્ય, કર્તવ્ય નિષ્ઠા અને દેશ સેવાની ભાવનાને યાદ કરવાનો અવસર બન્યો હતો.

# દિવાળી સુધી કોઈ વિરોધ પ્રદર્શન નહી : અભિજીત દિપકેએ ૧૬ મીનીટના વિડીયોમાં સમર્થકોને કરી ખાસ અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર



મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલી કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) ના સ્થાપક અભિજીત દિપકેએ મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે દિવાળી સુધી કોઈ નવુ વિરોધ પ્રદર્શન નહી યોજવાની વાત કરી છે. મંગળવારે સોશીયલ મીડીયા પર ૧૬ મીનીટ થી વધુ લાંબો વિડીયો સંદેશ જાહેર કરીને દીપકે એ પોતાના સમર્થકોને તહેવારો દરમિયાન પરીવાર અને નજીકના લોકો સાથે સમય પસાર કરવાની અપીલ કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે છેલ્લા કેટલાક દિવસોમાં આંદોલન સાથે સંકળાયેલા લોકો અને તેમના પરીવારજનોએ ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો છે. અભિજીત દિપકે એ પોતાના વિડીયો સંદેશમાં જણાવ્યુ હતુ કે હાલમાં આંદોલનને થોડા દિવસો માટે વિરામ આપવાની જરૂર છે, તહેવારો નજીક આવી રહ્યા છે અને છેલ્લા ૧૦ થી ૧૨ દિવસમાં બનેલી ઘટનાઓને કારણે સમર્થકોના પરીવારજનો પણ ચિંતિત છે. તેમણે સમર્થકોને અપીલ કરી હતી કે થોડા દિવસો માટે પરીવાર સાથે રહેવુ અને તહેવારોનો આનંદ માણવો જરૂરી છે. જો કે આ જાહેરાતને આંદોલન કાયમી ધોરણે સમાપ્ત કરવાના નિર્ણય તરીકે જોવી યોગ્ય નથી, વિડીયો સંદેશ દરમિયાન દિપકે એ સીજેપીના સહ સંયોજક સૌરવદાસ અને આશુતોષ રાંકા નો પણ ઉલ્લેખ કર્યો હતો. બંને હાલમાં દિલ્હીની તિહાડ જેલમાં જયુડીશીયલ કસ્ટડીમાં છે, દિપકે એ જણાવ્યુ હતુ કે સૌરવદાસ ૬ દિવસથી વધુ સમયથી જેલમાં હોવા છતાં પોતાનો આત્મવિશ્વાસ જાળવી રહ્યા છે. તેમણે સૌરવના સંઘર્ષ અને મનોબળની પ્રશંસા કરી હતી આશુતોષ અને સૌરવને આંદોલનના મહત્વપૂર્ણ સાથી ગણાવી તેમના યોગદાનને યાદ કર્યુ હતું.

અભિજીત દિપકેએ સૌરવદાસ અંગે એક રસપ્રદ પણ વાત પણ જણાવી હતી, તેમણે કહ્યુ હતુ કે અગાઉ કેટલાક લોકો સૌરવની એ વાતને લઈને મજાક ઉડાવતા હતા કે તે વિરોધ પ્રદર્શનમાં પણ સ્ટાર બકસની કોલ્ડ કોફી પીતો હતો, પરંતુ આજે એ જ સૌરવ જેલમાં હોવા છતાં પોતાના વિચારો માટે ઉભો છે અને કોર્ટમાં પણ હસતા ચહેરા સાથે હાજર થાય છે, દિપકે એ આ ઉદાહરણ દ્વારા પોતાના સાથીના મનોબળની પ્રશંસા કરી હતી. સીજેપીના સહ સંયોજક સૌરવદાસ અને આશુતોષ રાંકા ની ન્યાયીક કસ્ટડી સોમવાર ૧૯ ઓકટોબરે વધુ બે દિવસ માટે લંબાવવામાં આવી હતી, દિલ્હીના જંતર મંતર વિસ્તારમાં યોજાયેલા વિરોધ પ્રદર્શન સંબંધિત કેસમાં બંને વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. દિલ્હી પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને કસ્ટડી લંબાવવાની માંગ કરી હતી. બંનેની સુનાવણી આજે થવાની હતી.

# સુરતમાં છોટા યોગી વિરૂધ્ધ ગુન્હો નોંધાયોઃ કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ સાથેની વાતચીતનો વિડીયો વાયરલ કરી આંદોલનની ધમકી આપ્યાનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

પોતાને છોટા યોગી તરીકે ઓળખાવતા એક શખ્સ વિરૂધ્ધ સુરતમાં જાહેર સુલેહ શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવા સહિતના આક્ષેપો હેઠળ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ સાથે ફોન પર થયેલી વાતચીતનો વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ કરવા, મંત્રીનો મોબાઈલ નંબર જાહેર કરવા અને ગુજરાતમાં ઉગ્ર આંદોલનની ધમકી આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે ગોડાદરા પોલીસે બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શ્રમિકો પર પોલીસ દ્વારા બળપ્રયોગ કરવામાં આવ્યો હોવાની ઘટના બાદ સંબંધિત શખ્સે કેન્દ્રીય મંત્રી સી આર પાટીલનો સંપર્ક કર્યો હોવાની માહિતી બહાર આવી છે. ત્યારબાદ મંત્રી સાથે ફોન પર થયેલી વાતચીતનો વિડીયો ઈન્સ્ટ્રાગ્રામ પર પોસ્ટ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત મંત્રીનો મોબાઈલ નંબર પણ સોશીયલ મીડીયા પર જાહેર કરવામાં આવ્યો હોવાની ફરીયાદમાં રજુઆત કરવામાં આવી છે. ફરીયાદમાં **I am chota yogi maharaj** નામના ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ પરથી વિડીયો પોસ્ટ કરીને ગુજરાતમાં ઉગ્ર આંદોલન



કરવાની ધમકી આપવામાં આવી હતી. આ પ્રકારની પોસ્ટના કારણે જાહેર સુલેહ શાંતિ ડહોળવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ સામાજિક કાર્યકર પ્રમોદકુમારસિંહે કર્યો છે. તેમણે આ મામલે ગોડાદરા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

પોલીસે ફરીયાદના આધારે ભારતીય ન્યાયસંહિતાની કમલ ૧૯૨,૩૫૩ (૧) (બી) અને ૩૫૩ (૩) હેઠળ ગુન્હો નોંધ્યો છે. સમગ્ર મામલાની તપાસ સાયબર પોલીસના પીઆઈ એમ સી નાયક ને સોંપવામાં આવી છે. સોશીયલ મીડીયા પર વિડીયો પોસ્ટ કરનાર એકાઉન્ટના ધારકની ઓળખ અને ઘટનાને લગતી અન્ય વિગતો મેળવવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. હાલમાં પોલીસ દ્વારા વાયરલ થયેલા વિડીયો, ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ અને ફરીયાદમાં કરવામાં આવેલા આક્ષેપોની તપાસ કરવામાં આવી રહી છે. વિડીયો કયા સંજોગોમાં બનાવવામાં આવ્યો હતો. તેને સોશીયલ મીડીયા પર પોસ્ટ કરવા પાછળનો હેતુ શું હતો અને આક્ષેપિત શખ્સની ભુમિકા શું છે તે સહિતના મુદ્દાઓ તપાસના દાયરામાં છે. આ મામલે આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે. જો કે ફરીયાદમાં કરવામાં આવેલા આક્ષેપોની સત્યતા અને સમગ્ર ઘટનાની હકીકત પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ સ્પષ્ટ થશે.

# જી.એમ.ડી.સી. દ્વારા ૨૦૨૫-૨૬ના વર્ષનો રૂ.૨૨૩ કરોડનો ડિવિડન્ડ ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને અર્પણ



દેશની જાહેર ક્ષેત્રની અગ્રણી ખનન કંપનીઓમાંની એક ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ૨૦૨૫-૨૬ના વર્ષનો રૂ. ૨૨૩.૫૪ કરોડનો ડિવિડન્ડ ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને ગાંધીનગરમાં અર્પણ કરવામાં આવ્યો હતો. જી.એમ.ડી.સી.ની સ્થાપના ૧૯૬૩માં થઈ છે અને રાજ્ય સરકારનું આ સાહસ ખનિજ સંસાધનોના સાયન્ટીફિક, એફિસિયન્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ દ્વારા રાજ્યના ઔદ્યોગિક તેમજ આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. જી.એમ.ડી.સી. મુખ્યત્વે લિગ્નાઈટ, બોક્સાઈટ, લાઈમસ્ટોન, ફ્લોરસ્પાર અને સિલિકા સેન્ડ સહિતના ખનિજોના ખનન અને વેચાણ સાથે સંકળાયેલી છે. ગુજરાત બહાર ઓડિશા રાજ્યમાં બૈતરણી વેસ્ટ, બુરાપહાર અને કુદાનાલી-લુબરી એમ ત્રણ કોલસા બ્લોક્સ મેળવ્યા છે તેનાથી ગુજરાતની લાંબા ગાળાની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવામાં જી.એમ.ડી.સી. યોગદાન આપશે. જી.એમ.ડી.સી. નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે પણ કાર્યરત છે તથા રેર અર્થ એલીમેન્ટ્સ, તાંબું અને અન્ય વ્યૂહાત્મક ખનિજોના ક્ષેત્રોમાં વિકાસની તકો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. મુખ્યમંત્રીશ્રીને જી.એમ.ડી.સી.ના ડિવિડન્ડની રકમના રાજ્ય સરકારના ફાળાનો આ ચેક કંપનીના ચેરમેન અને મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે અર્પણ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી ડૉ. હસમુખ અઢિયા, જી.એમ.ડી.સી.ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી અજય ભાદુ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યા હતા.


**પશ્ચિમ રેલ્વે**

**સમારકામ કાર્ય**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), વેસ્ટર્ન રેલવે,6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, ઈ-ટેન્ડર નોટિસ ક્રમાંક: BCT/26-27/193 તારીખ 16/10/2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળ: (1) મુંબઈ સેન્ટ્રલ - અધિકારીઓના રહેણાંક ક્વાર્ટરમાં ફેરફાર/સુધારા-વધારાનું કામ; (2) મુંબઈ સેન્ટ્રલ (મુખ્ય) - જૂની ડિસ્પેન્સરીનું સમારકામ અને પુનસ્થાપન અને (3) મુંબઈ સેન્ટ્રલ - હાલની TMS બિલ્ડિંગ DRM ઓફિસ પરિસરમાં સમારકામ, વધારા-ફેરફાર અને આગામી MPLS નેટવર્ક બેકબોનના સંદર્ભમાં NOCC માટેની જોગવાઈ. સંયુક્ત ટેન્ડર. કાર્યની અંદાજિત કિંમત: ₹. 4,46,69,708.18/- EMD : ₹. 8,93,400/-. સબમિટ કરવાની તારીખ અને સમય: તા. 13/11/2026 ના રોજ 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 13/11/2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ સ્વીકારવામાં આવશે નહીં.

0722

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# ગુજરાત સહિત ૯ રાજયોમાં અંધારપટનો ખતરોઃ પેટ્રોલ-ડીઝલ બાદ હવે વિજળીની ભયંકર કટોકટી



પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતમાં પેટ્રોલ ડીઝલ અને ગેસના સંકટ બાદ હવે વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં મોટુ વીજ સંકટ તોળાઈ રહ્યુ છે.

કોલસાથી વિજળીનુ ઉત્પાદન વધવા છતાં વધતી માંગ સામે પુરવઠો પહોચી રહ્યો નથી. જેના કારણે દેશના ૯ જેટલા રાજયોમાં વીજ અછત વર્તાઈ રહી છે.

ભારતમાં વિજળીની ઘટ વધી રોયટર્સના અહેવાલ મુજબ સપ્ટેમ્બર ૨૦૨૬ માં ભારતમાં વિજળીની ઘટ વધીને ૫૬ કરોડ યુનિટ (૫૬૦ મીલીયન કિલો વોટ ) થઈ ગઈ છે. જે ઓગસ્ટ ૨૦૨૩ પછીની સૌથી મોટી વીજ કટોકટી માનવામાં આવે છે.

# ચોરવાડ રોડ સ્ટેશન પર સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસના પ્રાયોગિક સ્ટોપેજનો પ્રારંભ, જનપ્રતિનિધિઓએ લીલી ઝંડી આપી ટ્રેનને રવાના કરી

ભાવનગર મંડળ હેઠળ ચોરવાડ રોડ રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધા અને પ્રાદેશિક રેલવે સંપર્કને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલરૂપે ટ્રેન નંબર ૧૯૨૧૮/૧૯૨૧૭ વેરાવળ–બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા દૈનિક એક્સપ્રેસના પ્રાયોગિક સ્ટોપેજનો પ્રારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે માનનીય જૂનાગઢ લોકસભાના સાંસદ શ્રી રાજેશ ચુડાસમા, માનનીય માંગરોળના ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગઠિયા તથા માનનીય સરપંચ શ્રી બાબુભાઈ મોકરિયાએ લીલી ઝંડી બતાવી ટ્રેન નંબર ૧૯૨૧૮/ ૧૯૨૧૭ વેરાવળ–બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા દૈનિક એક્સપ્રેસને રવાના કરી હતી.





ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ચોરવાડ રોડ સ્ટેશન પર સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસને બંને દિશામાં પ્રાયોગિક સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ અંતર્ગત ટ્રેન નંબર ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા દૈનિક એક્સપ્રેસ ૨૧ ઑક્ટોબર, ૨૦૨૬થી ચોરવાડ રોડ સ્ટેશન પર ઊભી રહેશે. આ સ્ટેશન પર ટ્રેનના આગમનનો સમય ૧૨:૧૫ કલાકે અને પ્રસ્થાનનો સમય ૧૨:૧૬ કલાકે નિર્ધારિત કરવામાં આવ્યો છે.

ટ્રેન નંબર ૧૯૨૧૭ બાંદ્રા–વેરાવળ સૌરાષ્ટ્ર જનતા દૈનિક એક્સપ્રેસ ૨૨ ઑક્ટોબર, ૨૦૨૬થી ચોરવાડ રોડ સ્ટેશન પર ઊભી રહેશે. આ સ્ટેશન પર ટ્રેનના આગમનનો સમય ૦૫:૪૯ કલાકે અને પ્રસ્થાનનો સમય ૦૫:૫૦ કલાકે નિર્ધારિત કરવામાં આવ્યો છે.

અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્માએ જણાવ્યું હતું કે ચોરવાડ રોડ સ્ટેશન પર આ પ્રાયોગિક સ્ટોપેજ શરૂ થવાથી સ્થાનિક મુસાફરોને રેલવે મુસાફરી માટે વધારાની સુવિધા મળશે. તેનાથી વિસ્તારના નાગરિકોની અવરજવર વધુ સરળ બનશે અને આસપાસના વિસ્તારોની રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત થશે. આ પહેલ સ્થાનિક નાગરિકોની અપેક્ષાઓને અનુરૂપ મુસાફર સુવિધાઓના વિસ્તરણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

પશ્ચિમ રેલવે મુસાફરોની જરૂરિયાતો અને જનઅપેક્ષાઓને ધ્યાનમાં રાખીને રેલવે સેવાઓને વધુ સુવિધાજનક અને સુલભ બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. મુસાફર સુવિધાઓના વિસ્તરણ દ્વારા સુરક્ષિત, સરળ અને સુવિધાજનક રેલવે મુસાફરી સુનિશ્ચિત કરવી એ રેલવેની પ્રાથમિકતાઓમાં સામેલ છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, મીડિયા પ્રતિનિધિઓ અને રેલવે મુસાફરો ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર મંડળ તરફથી અપર મંડળ રેલવે પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત અન્ય રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાવધાન!! સાયબર હુમલાથી રેડ એલર્ટ... જો જો માત્ર જાહેરાત જોવાથી બેંક ખાતું ખાલી ના થઈ જાય

(નીડર , નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

આજના આધુનિક યુગમાં ટેકનોલોજીની કહેવાતી પ્રગતિ હવે માનવજાત માટે એક અનિયંત્રિત ડિજિટલ જેલ બની ચૂકી છે. આપણે સ્માર્ટફોન, આઈપેડ, સ્માર્ટ હોમ ડિવાઈસીસ અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ વાપરીને પોતાની જાતને આધુનિક અને સુરક્ષિત માનીએ છીએ. પરંતુ વાસ્તવમાં આપણે એક કાચના ઘરમાં વસીએ છીએ જ્યાં અદ્રશ્ય શિકારીઓ ચોવીસે કલાક આપણી દરેક હિલચાલ પર નજર રાખી રહ્યા છે.

જ્યારે એક નાગરિક પોતાની કોઈપણ ભૂલ કે બેદરકારી વગર, માત્ર સામાન્ય સમાચાર વાંચતી વખતે સ્ક્રીન પર દેખાતી જાહેરાતથી ગુલામ બની જતો હોય, ત્યારે સ્પષ્ટ થાય છે કે ડિજિટલ દુનિયામાં માનવ અધિકારો અને કાયદાનું શાસન સંપૂર્ણપણે પડી ભાંગ્યું છે. માત્ર કાગળ ઉપર પ્રતિબંધો લાદવાથી કે કેન્દ્રિરુ જેવી કંપનીઓને બ્લેકલિસ્ટ કરવાથી કશું જ વળવાનું નથી. કારણ કે આ કંપનીઓ રાતોરાત નવા નામે અને નવી એજન્સીઓ ઊભી કરીને ફરી મેદાનમાં આવી જાય છે. જ્યાં સુધી સાયબર એટેક ને આંતરરાષ્ટ્રીય કક્ષાએ "જૈવિક કે રાસાયણિક હથિયારો" જેટલો જ ગેરકાયદે અને ઘાતક જાહેર કરવામાં નહીં આવે, અને જ્યાં સુધી નફાખોર બિગ-ટેક કંપનીઓને તેમની જાહેરાતો દ્વારા ફેલાતા માલવેર (ખરાબ સોફ્ટવેર એક પ્રકારનો વાયરસ જે ડેટાને ખતમ કરે છે.)

માટે સીધી રીતે ગુનાહિત જવાબદાર નહીં ઠેરવવામાં આવે, ત્યાં સુધી પૃથ્વી પરનો કોઈપણ સ્માર્ટફોન વપરાશકર્તા સલામત નથી. આ "ઝીરો-ક્લિક" સાયબર હુમલો એ સમગ્ર માનવજાત માટે અત્યંત જોખમી રેડ એલર્ટ છે. અગાઉના સમયમાં સાયબર હુમલાખોરોને તમારો ફોન નંબર કે ઈમેઈલ આઈડી જોઈતા હતા, ત્યારે તેઓ ફિશિંગ ઈમેઈલ કે SMS મોકલતા હતા. જેમાં યુઝરની (વપરાશકાર) ની સતર્કતા કામ આવી શકતી હતી.

# ખંધા ખેલાડીઓ જેવા રાજકીય પક્ષોના મતદાનના ગણિતમાં છુપાયેલું છે રાજકીય રહસ્ય

(નીડર,નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ભારતની લોકશાહી માં મતદાન માત્ર આંગળી ઉપરની શાહી નથી પરંતુ એ સત્તા કોના હાથમાં જશે, સરકાર કોની બનશે અને સમાજના ભવિષ્યની દિશા શું હશે તેનો નિર્ણય છે. પરંતુ ચૂંટણી જ્યારે લોકહિતના મુદ્દાઓને બદલે જાતિ, ધર્મ, ઓળખ અને ઉમેદવારોના રાજકીય ગણિતમાં અટવાઈ જાય છે ત્યારે લોકશાહીનું સૌથી મોટું હથિયાર મત જ ક્યારેક પોતાના જ હિતની વિરુદ્ધ પરિણામ આપી શકે છે.

શું મુસ્લિમ ઉમેદવારને મત આપવાથી મુસ્લિમ સમાજનું રાજકીય પ્રતિનિધિત્વ વધે છે કે ક્યારેક અનાયાસે બીજા પક્ષનો રસ્તો આસાન બને છે? આ પ્રશ્ન મતદાર ને પણ સમજતો નથી પરંતુ તેનો સામનો કર્યા વિના ચૂંટણીના રાજકારણ ને સમજવું શક્ય નથી. આખરે, પ્રશ્ન એ નથી કે મુસ્લિમ ઉમેદવારને મત આપવો કે નહીં. સાચો પ્રશ્ન એ છે કે કોને મત આપવાથી લોકશાહી મજબૂત બનશે, જનતાના પ્રશ્નો ઉકેલાશે અને બંધારણના સમાનતાના સિદ્ધાંતોનું રક્ષણ થશે? ચૂંટણીના મેદાનમાં લાગણીઓથી નહીં, ગણિતથી પણ વિચારવું પડે છે, સાથો સાથ માત્ર ગણિતથી નહીં, નીતિ અને નૈતિકતાથી પણ નિર્ણય લેવો પડે છે.

મતદારો જો ઉમેદવારની ઓળખ કરતાં તેની કામગીરી, પક્ષની નીતિ અને પોતાના ભવિષ્યને પ્રાથમિકતા આપશે, તો કોઈપણ રાજકીય પક્ષ માટે તેમને માત્ર મત બેંક સમજીને વટાવવાનું મુશ્કેલ બનશે.

કારણ કે લોકશાહીમાં સૌથી મોટો પરાજય ત્યારે નથી થતો, જ્યારે કોઈ પક્ષ ચૂંટણી હારે છે, સૌથી મોટો પરાજય ત્યારે થાય છે, જ્યારે મતદાર પોતાનો મત કોના હિતમાં વપરાયો તે સમજ્યા વિના વિજયના નારા લગાવતો રહે છે. મત તમારો છે, નિર્ણય તમારો છે. સાથો સાથ એ નિર્ણયનો લાભ કોને મળે છે, એ સમજવાની જવાબદારી પણ તમારી (મતદાર)ની જ છે.

# ગુજરાત હાઈકોર્ટનો મોટો ચુકાદો : માત્ર એફઆઈઆર પેન્ડિગ હોવાના કારણે નિવૃત્ત કર્મચારીની ગ્રેજયુટી રોકી શકાય નહી

## વરસો સુધી સરકારી નોકરી કર્યા બાદ નિવૃત્ત થયેલા કર્મચારીને રાહત : અરવલ્લી જિલ્લા પંચાયતના કેસમાં ૮ અઠવાડીયામાં ગ્રેજયુટી ચુકવવાનો આદેશ



પ્રતિનિધિ,ગાંધીનગર

આખી જીંદગી નોકરી કર્યા બાદ દરેક કર્મચારી નિવૃત્તિ સમયે મળતી ગ્રેજયુટીની રકમમાંથી અનેક જરૂરી કામ પુરા કરવાની યોજના બનાવે છે. પરંતુ જો નિવૃત્તિ બાદ વિભાગ ગ્રેજયુટીની રકમ રોકી દે અને તેનુ કારણ કર્મચારી સામે નોંધાયેલી પેન્ડિગ એફઆઈઆર હોય તો તેની મુશ્કેલીઓ વધી શકે છે, આવો જ એક મામલો ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આવ્યો હતો,

આ કેસમાં હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે, સૌ પ્રથમ સમજીએ કે ગ્રેજયુટી શુ છે અને કોને મળે છે, ગ્રેજયુટી એ કર્મચારીને નોકરીની નિર્ધારીત શરતો પૂર્ણ કર્યા બાદ મળતી રકમ છે, સામાન્ય રીતે નિવૃત્તિ સમયે આ રકમ ચુકવવામાં આવે છે. કર્મચારીને કેટલી ગ્રેજયુટી મળશે તે તેના પગાર, નોકરીના સમયગાળા અને લાગુ નિયમો પર આધાર રાખે છે. મીડીયા રીપોર્ટ અનુસાર કર્મચારી વિરૂધ્ધ એફઆઈઆર નોંધાઈ હતી. આ મામલામાં કર્મચારી સામે વર્ષ ૨૦૧૭ માં એફઆઈઆર નોંધાઈ હતી. ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીમાં નાણાંકીય ગેરરીતીઓના આરોપસર આ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. કર્મચારી આ સોસાયટીમાં હોદ્દેદાર હતો, આ જ કારણસર તેને ફોજદારી કેસમાં આરોપી બનાવવામાં આવ્યો હતો. સંબંધિત કર્મચારી મે ૨૦૨૫ માં નિવૃત્ત થયો હતો, નિવૃત્તિ બાદ વિભાગે તેની સામે એફઆઈઆર પેન્ડિગ હોવાનુ કારણ આપીને ગ્રેજયુટીની રકમ રોકી દીધી હતી. ત્યારબાદ કર્મચારીએ આ મામલે ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો, સુત્રોના કહેવા પ્રમાણે અરવલ્લી જિલ્લા પંચાયતમાં ફરજ બજાવી ચુકેલા આ કર્મચારીની વર્ષ ૧૯૯૧ માં તાલુકા પંચાયત કચેરી માં પ્યુન તરીકે નિમણુંક કરવામાં આવી હતી. ત્યારબાદ નોકરી દરમિયાન તેને પ્રમોશન મળ્યુ હતું. પ્યુન તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર કર્મચારી પ્રમોશન મળ્યા બાદ સીનીયર કલાર્ક બન્યો હતો. નોકરી દરમિયાન તેઓ ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીમાં પણ હોદ્દેદાર હતો. જો કે નિવૃત્તિ સમયે વિભાગે તેમની ગ્રેજયુટીની રકમ રોકી દીધી હતી, આ મામલાની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નોંધ્યુ કે કર્મચારી સામે કોઈ વિભાગીય તપાસ શરૂ કરવામાં આવી ન હતી. આ ઉપરાંત સોસાયટીમાં થયેલી કથિત ગેરરીતીઓને કર્મચારીની સરકારી નોકરી સાથે કોઈ સીધો સંબંધ ન હતો. હાઈકોર્ટે જણાવ્યુ કે ગ્રેજયુટી એ કર્મચારીને વરસો સુધી કરેલી સેવાના બદલામાં મળતો લાભ છે. તેથી તેની ચુકવણી રોકવા માટે કાયદેસર આધાર હોવો જરૂરી છે, માત્ર એફઆઈઆર પેન્ડિગ હોવાના આધારે કર્મચારીની ગ્રેજયુટી રોકી શકાય નહી. મામલાની સુનાવણી બાદ ગુજરાત હાઈકોર્ટે સંબંધિત અધિકારીઓને કર્મચારીની ગ્રેજયુટીની રકમ ૮ અઠવાડીયાની અંદર ચુકવવાનો આદેશ કર્યો હતો.

# આજે મોરબીમાં કોંગ્રેસની ખેડુત આક્રોશ મહાસભાઃ રાજકોટ ખાતે કરાઈ હતી જાહેરાત




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં ખેડુતોની પડતર માંગણીઓ અને વિવિધ પ્રશ્નોને લઈને રાજકારણ ગરમાયુ છે. આજે ૨૨ ઓકટોબરે મોરબી ખાતે કોંગ્રેસ દ્વારા ખેડુત આક્રોશ મહાસભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સિંચાઈ માટે પાણી આપવુ, વીજ પોલના પ્રશ્નો ઉકેલવા અને સૌરાષ્ટ્ર ને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા સહિતની માંગો મુદ્દે યોજાનારી આ સભામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, શકિતસિંહ ગોહિલ, ગેનીબેન ઠાકોર અને પરેશ ધાનાણી સહિતના નેતાઓ ઉપસ્થિત રહેવાના છે અને ૫૦ હજાર થી વધુ ખેડુતો ભેગા થવાની શકયતા વ્યકત કરવામાં આવી છે. ચાલુ વરસે સૌરાષ્ટ્રમાં ઓછો વરસાદ થયો હોવાથી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે, જેને કારણે સૌરાષ્ટ્રના જિલ્લાઓને તાત્કાલીક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. સરકારે માત્ર પીવાના પાણીની નીતી મર્યાદીત ન રાખતા સૌની યોજના મારફતે ખેડુતોને સિંચાઈ માટે તાત્કાલીક પાણી પુરૂ પાડવુ જોઈએ. આ ઉપરાંત ભાદર-૨ ડેમનુ પાણી પીવાલાયક ન હોવા છતાં ખેડુતોને સિંચાઈ માટે આપવામાં ન આવતુ હોવાના કારણે ખેડુતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ગ્રીન કોરીડોર પ્રોજેકટમાં રીબડા થી એરપોટ સુધી ખેડુતોની જમીનો સસ્તા ભાવે લેવામાં આવતી હોવાનો અને નેતાઓના કારખાના કે જમીનો બચાવવા માટે પ્રોજેકટનુ એલાઈમેન્ટ વારંવાર બદલવામાં આવતુ હોવાનો આક્ષેપ કરાયો છે. આ સાથે ખેતરોમાં દાદાગીરીથી વીજ પોલ નાખીને જમીનો નકામી બનાવી દેવાતી હોવાની રજુઆત કરાઈ છે. સાંજે ૪ વાગ્યા થી સવારે ૪ વાગ્યા સુધી રહેતા વીજકાપને લીધે ખેડુતોની મુશ્કલીઓ વધી છે. જેથી વીજપોલ અને વળતર મુદ્દે ચાલતા આંદોલનને સમર્થન જાહેર કરાયુ છે. રાજયમાં જુની પાકવીમા યોજના ફરીથી શરૂ કરવાની અને પેન્ડિગ વળતરના કેસોનો તાત્કાલીક નિકાલ લાવવાની માંગ મુકવામાં આવી છે. દુષ્કાળની સ્થિતિને પગલે ઘાસચારાની અછત ઉભી થઈ હોવાથી પશુપાલકો અને ખેડુતોને આર્થિક સહાય આપવાની જરૂરીયાત દર્શાવી છે. ખેડુતોને ટેકાના ભાવ અને બજારભાવ વચ્ચેનો તફાવત સીધો બેંક ખાતામાં મળી રહે તે માટે મધ્ય પ્રદેશની તર્જ પર ગુજરાતમાં પણ ભાવાંતર યોજના લાગુ કરવા માટે રજુઆત કરવામાં આવી છે. ચાલુ વરસે મગફળીનુ ઉત્પાદન ઓછુ થવાથી ઓપન માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવ કરતા વધુ ભાવ મળી રહ્યા છે. જેના કારણે ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવનાર ખેડુતોની સંખ્યા ૨૫ ટકા ઘટી છે. જેથી ટેકાના ભાવની ખરીદી પાછળ થતો સરકારી ખર્ચ સીધો ખેડુતોના ખાતામાં જમા કરાવવો જોઈએ. ખાતર અને દવાઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી ખેતી ખર્ચાળ બની છે. તેથી સરકાર દ્વારા તમામ કૃષિ પાક માટે વિમા સહાય યોજના સુનિશ્ચિત કરવામાં આવે તે જરૂરી છે.

# અમદાવાદના દાણીલીમડામાં નકલી બોગસ પત્રકાર પકડાયો : સમાચાર પ્રસિધ્ધ કરવાની ધમકી આપી ઓનલાઈન રૂપીયા ટ્રાન્સફર કરાવ્યા

## કૃણાલ મુનશી અને જયેશ ઠકકરનો કારસો : સમાચાર પ્રસિધ્ધ કરવાની ખુલ્લી ધમકી આપી ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવ્યા



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં પત્રકાર હોવાની ખોટી ઓળખ આપીને ફરીયાદી પાસે રૂપીયાની માંગણી કરનારા બે નકલી બોગસ પત્રકારોને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લીધા છે. આરોપીઓએ ફરીયાદી વિરૂધ્ધ સમાચાર પ્રસિધ્ધ કરવાની ધમકી આપી માનસિક દબાણ ઉભુ કર્યુ હતું. ત્યારબાદ તેમણે ફરીયાદી પાસેથી ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. દાણીલીમડા પોલીસે આ મામલે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ પથક વિસ્તારમાં બનેલી આ ઘટનામાં બંને શખ્સો દ્વારા પત્રકાર તરીકેની ખોટી ઓળખ આપીને ગેરકાયદે નાણા પડાવવાનો મામલો બહાર આવ્યો છે. પકડાયેલા આરોપીઓ કૃણાલ મુનશી અને જયેશ ઠકકર હોવાનુ બહાર આવ્યુ છે. આ બંને શખ્સોએ ફરીયાદીને મળી પોતે પત્રકાર હોવાનુ જણાવ્યુ હતું અને તેમની પાસે રૂપીયાની માંગણી કરી હતી. આરોપીઓએ ફરીયાદી વિરૂધ્ધ સમાચાર પ્રસિધ્ધ કરવાની ખુલ્લી ધમકી આપી હતી. આ પ્રકારની ધમકી આપીને તેમણે ફરીયાદી પર સતત દબાણ વધાર્યુ હતું. આખરે દબાણ હેઠળ આવી ગયેલા ફરીયાદી પાસેથી આરોપીઓએ ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. ફરીયાદી સાથે બનેલી આ સમગ્ર ઘટના બાદ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે દાણીલીમડા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા જ પોલીસે તુરંત તપાસ શરૂ કરી હતી. દાણીલીમડા પોલીસના સર્વેલન્સ સ્કવોડે સક્રિય બનીને ગણતરીના કલાકોમાં જ બંને આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મેળવી હતી. પોલીસે બંને શખ્સો કૃણાલ મુનશી અને જયેશ ઠકકર ની વિધિવત ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આ બંને આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા એટલે કે બીએનએસ ની વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

# અજાણ્યા વાહનચાલકે ટુ વ્હીલરને ટક્કર મારતા ૨૦ વર્ષની યુવતીનું મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે-૪૮ પર આવેલી કિચન કબાના હોટલ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. અજાણ્યા વાહનચાલકે ટુ વ્હીલરને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૨૦ વર્ષીય કવિતા ડામોર નામની યુવતીનું મોત નીપજ્યું છે. જયારે અન્ય બે વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. આ કેસમાં સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે-૪૮ પર કિચન કબાના હોટલ પાસે અજાણ્યા વાહનચાલકે ટુ વ્હીલરને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં ૨૦ વર્ષની કવિતા ડામોરનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. મૂળ મધ્યપ્રદેશના શ્રમજીવીઓ કામ અર્થે પાનોલી સ્થિત કામધેનુ એસ્ટેટ ખાતે જઈ રહ્યા હતા. જે દરમિયાન NH-48 પર કિચન કબાના હોટલ નજીક અજાણ્યા વાહને તેમની મોપેડને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો.

# ભાવનગર એન્ટી કરપ્શન બ્યુરોનો પોલીસ કોન્સ્ટેબલ અચાનક ગુમ થયોઃ ઘરે થી મળી અંતિમ નોટઃ અનેક નામો આવ્યા બહાર



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભાવનગરમાં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) માં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ નરપતસિંહ ગોહિલ ગુમ થતા ચકચાર મચી જવા પામી છે. નાના ખોખરા ગામના રહેવાસી જયેન્દ્રસિંહ ગઈ કાલે મંગળવારે ગુમ થયા હોવાનુ જણાવાયુ છે. તેમના ગુમ થયા બાદ ઘરમાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હોવાની માહિતી બહાર આવી છે. આ નોટમાં અનેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના નામનો ઉલ્લેખ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ મામલે પોલીસ કોન્સ્ટેબલના ભાઈએ ભાવનગરની નિલમબાગ પોલીસ મથકે ગુમ થયાની ફરીયાદ નોંધાવી છે. પોલીસ કોન્સ્ટેબલ કયા ગયા છે અને તેમની સાથે શું બન્યુ છે તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. હાલ આ ઘટનામાં ગુમ વ્યકિતની શોધ અને સ્યુસાઈડ નોટમાં કરવામાં આવેલા ઉલ્લેખોની ચકાસણી મહત્વપૂર્ણ બની છે.

મળતી માહિતી મુજબ સ્યુસાઈડ નોટમાં એવો ઉલ્લેખ હોવાની વાત બહાર આવી છે કે કોન્સ્ટેબલે અનેક લોકો પાસેથી રૂપીયા લીધા હતા અને તેમની પાસેથી ઉઘરાણી કરવામાં આવતી હતી. આ ઉઘરાણીના દબાણથી ત્રાસીને તેમણે નોટ લખી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જો કે નોટ માં લખાયેલી વિગતો અને તેમાં કરવામાં આવેલા આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટી થઈ નથી. તેથી આ બાબતોને હાલ આક્ષેપો અને તપાસના વિષય તરીકે જ જોવી જરૂરી છે. તો બીજી તરફ કોન્સ્ટેબલ શેરબજારમાં રોકાણ કરાવવાનુ કામ પણ કરતા હોવાનુ જાણવા મળ્યુ છે. આ રોકાણમાંથી મળેલી રકમ પરત ન ચુકવવાને કારણે નાણાંકીય વિવાદ ઉભો થયો હોવાની ચર્ચા છે.

જો કે કોની પાસેથી કેટલા રૂપીયા લેવામાં આવ્યા હતા, રોકાણ કઈ રીતે કરાવવામાં આવતુ હતું અને નાણાંકીય વ્યવહારોના દસ્તાવેજો શુ કહે છે તે અંગેની વિગતો હજુ બહાર આવી નથી. આ સમગ્ર મામલામાં સૌથી વધુ ચર્ચાનો વિષય સ્યુસાઈડ નોટમાં પોલીસ વિભાગના અનેક અધિકારીઓ અને કર્મચારીઓના નામ હોવાનો દાવો છે. જો આ વિગતોની પુષ્ટી થાય તો નોટ માં ઉલ્લેખીત વ્યકિતઓની ભુમિકા અને કોન્સ્ટેબલ સાથેના તેમના સંબંધોની તપાસ મહત્વપૂર્ણ બની શકે છે. જો કે સ્યુસાઈડ નોટમાં કોઈનુ નામ હોવુ એ પોતે જ તેમની સામેના આક્ષેપો સાબિત કરતુ નથી.

નોટની પ્રમાણિકતા, તેમા લખાયેલી વિગતો અને નાણાંકીય વ્યવહારો સાથેના સંબંધની તપાસ જરૂરી રહેશે. આક્ષેપોનો ઉલ્લેખ થયેલા અધિકારીઓ કે કર્મચારીઓનુ આ મામલે કોઈ સત્તાવાર નિવેદન લેવાયુ નથી. જયેન્દ્રસિંહ ગોહિલના ભાઈએ ગુમ થયાની ફરીયાદ નોંધાવી છે.

# ભાવનગરનાં અધેળાઈમાં બાળકની એક ભૂલથી પિતાનું બેંક એકાઉન્ટ ખાલી

## એપથી ફોન હેક કરી રૂા.૭૮ હજારની સાયબર ઠગાઈ, મોબાઈલમાં રમતા બાળકે અજાણતા એપ ડાઉનલોડ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગરના અધેળાઈ ગામેથી સાયબર ક્રાઈમ અને ઓનલાઈન છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અધેળાઈ ગામે રહેતા અને ખેતીકામ કરતા યુવકના પાંચ વર્ષના પુત્રએ મોબાઈલ ફોન રમતા રમતા જીયા નામની એક શંકાસ્પદ એપ ડાઉનલોડ કરી લીધી હતી. આ એપના માધ્યમથી અજાણ્યા ઠગબાજે તેમનો હેક કરી રૂ.૭૮ હજાર ઉપાડી લીધા હતા.નકશા જુઓઆ સમગ્ર બનાવની જાણવા મળતી વિગતો અનુસાર અધેળાઈ ગામના રહેવાસી અને ખેતીકામ કરતા શંકરભાઈ ધનજીભાઈ દુમાદીયા (ઉં.વ. ૨૬) સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ગત ૧૫ ઓકટોબર ૨૦૨૬ના રોજ બપોરે તેમના પાંચ વર્ષના પુત્ર હાદકે રમતા રમતા ફોનમાં અજાણતા જીયા નામની એક શંકાસ્પદ એપ ડાઉનલોડ કરી લીધી હતી. આ એપના માધ્યમથી અજાણ્યા ઠગબાજે તેમનો મોટોરોલા એજ-૬૦ મોબાઈલ ફોન હેક કરી લીધો હતો.ત્યારબાદ, ફરિયાદી ખેતરે ગયા ત્યારે તેમનો ફોન હેક થઈ જતાં બંધ થઈ ગયો હતો. મોડી સાંજે એક વેપારીએ તેમના ખાતામાં રૂપિયા ૩,૦૦૦ ટ્રાન્સફર કરતાં તેમણે ગુગલ પે બેલેન્સ ચેક કર્યુ હતું. ચેકિંગ દરમિયાન તેમને માલૂમ પડયું કે તેમના એકાઉન્ટમાંથી ૨૦,૦૦૦, ૨૦,૦૦૦, ૧૮,૦૦૦ અને ૨૦,૦૦૦ એમ ચાર અલગ-અલગ ટ્રાન્ઝેકશન મારફતે કુલ રૂપિયા ૭૮,૦૦૦ની રકમ ઉપડી ગઈ હતી.ઘટનાની જાણ થતાં જ શંકરભાઈએ સાયબર સેલની હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે વેળાવદર ભાલ પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ભારતીય ન્યાય સંહિતા બીએનએસની કલમ ૩૦૮, ૩૧૮(૪), ૩૧૯(૨) તથા આઈ.ટી. એકટની કલમ ૬૬(સી) અને ૬૬(ડી) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## જાહેર નોટીસ

### એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર હિંમતનગરની કોર્ટમા

જન્મ-મરણ નોધણી અરજી નં.મરણ.એસ.આર.૩૭૧/૨૦૨૫

અરજદાર :- શ્રી ભુરીબેન બબાજી પરમાર
રહે. મુ.પો. રાયસીંગપુરા રોડા તા. હિંમતનગર જી.સાબરકાંઠા

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, હમીરગઢ(ખેડ) ગ્રામ પંચાયત
તા. હિંમતનગર જિ.સાબરકાંઠા

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના માતા નામે **સીતાબેન બબાજી પરમાર**નું મરણ **તારીખ ૨૧/૦૨/૨૦૦૮**ના રોજ **રાયસીંગપુરા રોડા** મુકામે થયેલ, પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે ઉપરોકત તેમના **મરણ**ની નોંધ હમીરગઢ (ખેડ) ગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(Sd/-)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને,
મામલતદાર હિંમતનગર